**મોટી - મધ્યમ- નાની સિંચાઇ યોજના,ઉદવહન સિંચાઇ યોજનાઓ, ક્ષાર પ્રવેશ અંકુશની યોજનાઓ દરિયાઇ ધોવાણની યોજનાઓ, જળ સંચયના રૂ. ૨.૦૦ કરોડ કરતાં વધુ રકમના કામો માટે પૂર્વ લાયકી માપદંડમાં સુધારા વધારા કરવા બાબત.**

ગુજરાત સરકાર
નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય,ગાંધીનગર
હુકમ ક્રમાંક પરચ-૧૦૯૭૧૩૯૭(૧૧)પા.ફ્રા.એમ.આઇ.સેલ(ક-૧)
તા. 30 /૧૦/૨૦૧૩

અનુસંધાન :-સરકારશ્રીના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના પરિપત્ર ક્રમાંક પરચ-૧૦૯૭-૧૩૯૭-(૧૧)(ક.ર)-ક.૧તા.૬-૯-૨૦૦૮

આમુખ :-

સરકારશ્રીના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના અનુસંધાનિત પત્રથી રૂા.૨.૦૦ કરોડથી વધુ અંદાજીત કિમતના બાંધકામો માટે સુધારેલ પુર્વ લાયકી ધોરણો નક્કી કરવામાં આવેલ છે, જેમાં (૧) નાણાકિય સધ્ધરતા (Annual Turn over) (૨) કામ કરવાની ભૌતિક ક્ષમતા (Physical Capacity) (3) ટેન્ડરને અનુરૂપ કામ અંગે ભૌતિક અનુભવ (Physical Experience) વિગેરેના પ્રમાણપત્રો ઇન્કમ ટેક્ષ ઓફીસર અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા પ્રમાણીત થયેલ રજુ કરવા અંગે સુચના થયેલ છે.

વર્ષ ૨૦૦૬ થી ઓનલાઇન ઇ-ટેન્ડરીંગ પ્રથા અમલમાં આવેલ છે. જેથી ઇજારદારશ્રીઓએ ઉપર નિર્દિષ્ટ કરેલ તમામ દસ્તાવેજો/પ્રમાણપત્રો વિગેરેની નકલો ઓનલાઇન અપલોડ કરવાની હોય છે અને ઓન લાઇન અપલોડ થયેલ દસ્તાવેજો/પ્રમાણપત્રોને જ પુર્વલાયકી પાત્રતા માટે ધ્યાને લેવામાં આવે છે.

અનુભવે જણાયેલ છે કે, બી -વર્ગ, અ- વર્ગ અને "અ- અ" વર્ગના ઇજારદારશ્રીઓ તરફથી ઓનલાઇન અપલોડ થયેલ દસ્તાવેજો/ પ્રમાણપત્રો વિગેરેની સંબંધિત કચેરીઓ પાસેથી વેરીફીકેશન કરાવતા પ્રમાણપત્રોની વિગતોમાં ઘણી જ વિસંગતતાઓ થતી હોવાનું ધ્યામનાં આવે છે. પરિણામે પુર્વલાયકી ટેન્ડર અન્વયે ઘણા જ પ્રશ્નો ઉદભવે છે અને સમયનો વ્યય થાય છે. જેના નિરાકરણ માટે બી -વર્ગ, અ- વર્ગ અને "અ- અ" વર્ગના ઇજારદારશ્રીઓ દ્વારા પ્રીક્વોલીફીકેશનના નીચેના દસ્તાવેજો નોટરી દ્વારા પ્રમાણિત કરાવીને રજુ કરવામાં આવે તેવી પ્રણાલી ઉભી કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

**પરિપત્ર :-**

મોટી - મધ્યમ- નાની સિંચાઇ યોજના,ઉદવહન સિંચાઇ યોજનાઓ, ક્ષાર પ્રવેશ અંકુશની યોજનાઓ દરિયાઇ ધોવાણની યોજનાઓ, જળ સંચયના રૂ. ૨.૦૦ કરોડ કરતાં વધુ રકમના કામો માટે પૂર્વ લાયકી માપદંડમાં બી -વર્ગ, અ- વર્ગ અને "અ- અ" વર્ગના ઇજારદારશ્રીઓ દ્વારા પ્રીક્વોલીફીકેશન માટે રજુ કરાતા નીચેના દસ્તાવેજો જેવા કે:-

(અ) (૧) ફોર્મ-એફ (તમામ વિભાગો,બોર્ડ, કોર્પોરેશન, ખાનગી સંસ્થાઓ વિગેરેના હાથ પરના તમામ કામોની વિગતનું ફોર્મ

(૨) એન્યુઅલ ટર્ન ઓવરની વિગતો,

(૩) ફોર્મ- ૩-એ આપનાર કચેરીનો ઓફીસ શીલ, આઉટવર્ડ નંબર તથા કરેલ કામગીરીના જથ્થા સાથે ૩-એ ફોર્મ વગેરેના આધારો/દસ્તાવેજો નોટરાઇઝડ કરાવીને રજુ કરવાના રહેશે તેવી જોગવાઇ ટેન્ડરમાં કરવાની રહેશે છે.

(બ) પ્રિ બીડ કોન્ફરન્સ હોય ત્યારે પણ ઉપરોક્ત નોટરાઇઝડ દસ્તાવેજો રજુ કરવાની બાબત બી -વર્ગ, અ- વર્ગ અને અ- અ વર્ગના ઇજારદારશ્રીઓને ધ્યાને લાવવા અને મીનીટ્સ ઓફ મીટીંગમાં પણ તેનો સમાવેશ થાય તે ખાસ ધ્યાને લેવાનું રહેશે.

(ક) ઉપરોક્ત વર્ગના ઇજારદારશ્રીને જે તે કચેરી દ્વારા પત્ર લખવામાં આવે તેમાં નોટરાઇઝડ ડોક્યુમેન્ટ્સ બાબતે પી.ક્યુ. ડોક્યુમેન્ટ્સમાં વિગતો કેવી રીતે રજુ કરવાની છે તેની સ્પષ્ટતા કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એમ.પી.રાવલ)
ખાસ ફરજ પરના અધિકારી (સિં.યો)
ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ
સચિવાલય,ગાંધીનગર

પ્રતિ,

૧. સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૨ ખાસ સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ સચિવાલય ગાંધીનગર

૩. સર્વે મુ.ઇ.અને અ.સ.શ્રીના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૪ સર્વે ઉપ સચિવશ્રીઓ (તાંત્રિક)

૫ સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ

૬. સર્વે પ્રોજેક્ટ શાખા ( ક-૧, ક-૨ , ક-૩, જ,એમઆઇસેલ,ક-૭)

૭. સીલેકટ ફાઇલ